સેશન્સ કેસ નં. ૨૭ સને ૨૦૧૮
આંક :–

**–:નમુનો–અ:–**

## જૂનાગઢના મે. પાંચમાં એડીશનલ સેશન્સ જજસાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ચુકાદાની તા. ૩૦/૦૫/૨૦૨૬**
**સેશન્સ કેસ નં. ૨૭/૨૦૧૮**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ– ૪૩૬, ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ફર્સ્ટ ૧૫/૧૮. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર ( ફરીયાદી : જેનુબેન વા.ઓ. હબીબભાઈ મુસાભાઈ સુમરા) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ.એડી. પી.પી.શ્રી એ. એમ. પારેખ. |
| આરોપીપક્ષ | (૧) અનવર ઉર્ફે અ ન્નો સતારભાઈ મકરાણી, ઉ.વ.આ.૨૩,<br>(૨) સોહીલ ઉર્ફે બાડો નજીરભાઈ નારેજા, ઉ.વ.આ. ૧૯,<br>(૩) નાજીમ નજીરભાઈ નારેજા, ઉ.વ.આ.૨૦,<br>(૪) સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઈ સોઢા, ઉ.વ.આ.૩૩,<br>(૫) સીરાજશા હમીદશા રફાઈ ફકીર, ઉ.વ.આ.૨૪,<br>(૬) અબ્દુલશા અકબરશા રફાઈ ફકીર, ઉ.વ.આ.૨૩, રહે. તમામ જૂનાગઢ. |
| આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી ડી. એન. અપારનાથી. |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૧૨/૨૦૧૭ પછી કોઈપણ સમયે |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૬/૦૨/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૦૬/૨૦૧૮ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૫/૦૭/૨૦૧૮ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૧/૧૧/૨૦૧૮ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૧૭/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ––લાગુ પડતું નથી–– |

**–:આરોપીની વિગત:–**

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ /દોષ** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનવર ઉર્ફે અન્તો સતારભાઈ મકરાણી. | ૨૩/૦૨/૧૮ | ૨૨/૦૫/૧૯ | ઈ.પી.કો. કલમ–૪૩૬, ૧૧૪ | નિર્દોષ | –– | –– |
| ૨ | સોહીલ ઉર્ફે બાડો નજીરભાઈ નારેજા, | ૨૩/૦૨/૧૮ | ૧૩/૦૨/૧૮ | ઈ.પી.કો. કલમ–૪૩૬, ૧૧૪ | નિર્દોષ | | |
| ૩ | નાજીમ નજીરભાઈ નારેજા, | ૨૩/૦૨/૧૮ | ૧૩/૦૨/૧૮ | ઈ.પી.કો. કલમ–૪૩૬, ૧૧૪ | નિર્દોષ | | |
| ૪ | સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઈ સોઢા, | ૧૦/૦૩/૧૮ | ૧૫/૦૬/૧૮ | ઈ.પી.કો. કલમ–૪૩૬, ૧૧૪ | નિર્દોષ | | |
| ૫ | સીરાજશા હમીદશા રફાઈ ફકીર, | ૨૯/૦૩/૧૮ | ૦૭/૦૮/૧૮ | ઈ.પી.કો. કલમ–૪૩૬, ૧૧૪ | નિર્દોષ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | અબ્દુલશા અકબરશા રફાઈ ફકીર, | ૨૯/૦૩/૧૮ | ૦૯/૦૮/૧૮ | ઈ.પી.કો. કલમ– ૪૩૬, ૧૧૪ | નિર્દોષ | | |

## –:નમુનો–ક:–

## :: સાહેદો નુ લીસ્ટ::

### અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૧૭ | અખ્તરખાન ફરીદખાન પઠાણ. | સાહેદ. |
| પી.૨ | ૯૫ | જેનુબેન હબીબભાઈ સુમરા. | ફરીયાદી. |
| પી.૩ | ૧૦૪ | સહેજાદખાન હનીફભાઈ પઠાણ. | પંચ સાહેદ. |
| પી.૪ | ૧૦૬ | પવનભાઈ જીતેન્દ્રભાઈ જેઠવા. | પંચ સાહેદ. |
| પી.૫ | ૧૨૧ | હલીમાબેન હુશેનભાઈ સોઢા. | સાહેદ. |
| પી.૬ | ૧૨૫ | ઈસ્માઈલભાઈ વલીભાઈ ગૌરી. | પંચ સાહેદ. |
| પી.૭ | ૧૩૨ | રજાકભાઈ આબેદ હુસેનબુખારી. | સાહેદ. |
| પી.૮ | ૧૩૮ | યોગરાજસિંહ માવુભા જાડેજા. | પોલીસ સાહેદ. |
| પી.૯ | ૧૪૩ | દેવસિંહભાઈ જોધાભાઈ કડછા | પોલીસ સાહેદ/ત.ક.અ. |
| પી.૧૦ | ૧૫૦ | સવજીભાઈ ગોકળભાઈ કાચા | પોલીસ સાહેદ/ત.ક.અ. |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

### અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૯૬ | ફરીયાદ. |
| ડી.૨ | ૧૦૫ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |
| ડી.૩ | ૧૨૬ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |
| ડી.૪ | ૧૩૯ | એફ.આઈ.આર.નો ઉતારો. |
| ડી.૫ | ૧૪૦ | સ્ટેશન ડાયરીનો ઉતારો. |
| ડી.૬ | ૧૪૪ | તપાસ અંગેની યાદી. |
| ડી.૭ | ૧૪૫ | સ્ટે. ડા.એન્ટ્રી નં. ૧૭/૧૭ ના કામે કરેલ બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |

| | | |
|---|---|---|
| ડી.૮ | ૧૪૬ | મુદ્દામાલ રવાનગી નોંધ. |
| ડી.૯ | ૧૪૭ | એફ.એસ.એલ.ની પહોંચ. |
| ડી.૧૦ | ૧૫૧ | સ્ટે. ડાયરીમાં નોંધ થવાની યાદી. |
| ડી.૧૧ | ૧૫૨ | સ્ટે. ડા.એન્ટ્રી નં. ૧૭/૧૭ ના કામે રોજકામ કરવાની કરેલ યાદી. |
| ડી.૧૨ | ૧૫૩ | આરોપીઓનુ અટક પંચનામુ. |
| ડી.૧૩ | ૧૫૪ | મકાનનો વેચાણ કરાર. |
| ડી.૧૪ | ૧૫૫ | વોટર ફી વસુલાતની પહોંચ. |
| ડી.૧૫ | ૧૫૬ | વોટર ફી વસુલાતની પહોંચ. |
| ડી.૧૬ | ૧૫૭ | પાણી વેરાનુ કાર્ડ. |
| ડી.૧૭ | ૧૫૮ | ઈન્વેસ્ટીગેશન વાન રીપોર્ટ. |
| ડી.૧૮ | ૧૫૮ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર. |
| ડી.૧૯ | ૧૬૦ | એફ.એસ.એલ. રીપોર્ટ. |

**–:: જજમેન્ટ ::–**

(૧) આ કામના આરોપીઓ સામે જુનાગઢ સીટી એ–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદી જેનુબેન વા.ઓ. હબીબભાઈ મુસાભાઈ સુમરા ગામેતી ઉ.વ. ૫૫ ધંધો ઘરકામ રહે. ભારતમીલના ઢોરા પાસે, માસુમશાપીરની દરગાહ પાસે, જુનાગઢ ખાતે રહે છે તેઓએ જુનાગઢ સીટી એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ફ. ૧૫/૨૦૧૮, ભારતીય દંડ સંહિતા (ટુંકમાં આઈ. પી. સી.) ની કલમ ૪૩૬, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં યોગ્ય નિકાલ અર્થે મોકલી આપતા સદર કેસની કાર્યવાહી શરૂ થયેલ છે.

(૨) ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ જે ફરીયાદ દાખલ કરેલ છે તેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જેનુબેન હબીબભાઈ તથા તેના બાળકોને આરોપી નં.૬ ના ભાઈ રજાકશા અકબરશા ફકીર સાથે અગાઉ ઝઘડો થયેલ અને તેમાં મારામારીમાં રજાકશાનું ખુન થયેલ તેનું મનદુ:ખ રાખી તેમજ ફરિયાદીના પતિ માસુમશા પીરની દર્ગાના

ટ્રસ્ટી હોય તેના મનદુઃખના કારણે તમામ આરોપીઓએ તા.૨૦–૧૨–૨૦૧૭ પછીના કોઈપણ સમયે ફરિયાદીનું જૂનાગઢમાં ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ હાલતના મકાનને સળગાવી નાખી, મકાન પાડી નાખી, ઘરવખરી તથા મકાન પાડી નાખવાથી આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/– નું નુકશાન કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારીમાં ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદીએ આ બનાવની ફરીયાદ તા. ૦૬–૦૨–૨૦૧૮ ના રોજ નોંધાવતા, જે જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ફર્સ્ટ ૧૫/ ૨૦૧૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૩૬, ૧૧૪ મુજબની નોંધાયેલ.

આ ફરીયાદની તપાસ, તપાસ કરનાર અધિકારીને સોંપતાં, તપાસ દરમ્યાન લાગતા–વળગતા સાહેદોના નિવેદન નોંધી, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ આરોપીઓના અટક પંચનામા કરેલ, નમુના કબજે કરેલ અને સેમ્પલ્સ એફ.એસ.એલ.ને પૃથ્થકરણ માટે મોકલેલ અને રીપોર્ટ આવી જતા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ભારતીય દંડ સંહીતાની કલમ–૪૩૬, ૧૧૪ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ કરેલ.

(૩) ચાર્જશીટ રજુ થતાં, જે જૂનાગઢના ચોથા એડી.ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટ સમક્ષ રજુ થતાં, જે ફોજદારી કેસ નં. ૧૩૪૪/૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ, તે બાદ આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો આપી, કેસ સેશન્સ ટ્રાયેબલ હોય, જેથી આરોપીઓના નિવેદન નોંધી, કેસ સેશન્સ કમીટ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે કેસ સેશન્સ કમીટ થઈ ગયા બાદ સેશન્સ કેસ નં.૨૭/૨૦૧૮ થી નોંધાઈ અત્રેની કોર્ટમાં ટ્રાયલના હેતુ માટે મોકલવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી અત્રેની કોર્ટે ચલાવેલ છે.

(૪) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં, તેને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો આપી, મારા

પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીને આંક–૦૧ થી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૩૬,૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, તે તેને વાંચી સંભળાવી સમજાવી આંક–૨ થી ૭ સુધી થી આરોપીઓની પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ સાબીત કરવા માટે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

(પ) સદરહું કામે વિધ્વાન સરકારી વકીલશ્રીએ આંક– ૧૭૦ થી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પડેલ પુરાવા આધારે આરોપીઓના વિશેષ નિવેદન નોંધતાં, તેમાં તેઓએ તેમની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સાવ નિર્દોષ છે, ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી છતાં મનદુ:ખના કારણે ફરીયાદી ખોટી રીતે ફરીયાદ ઉભી કરેલ છે, તેઓને નિર્દોષ છોડી મુકવ અરજ કરેલ છે અને તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી અને બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવી હકીકત જણાવેલ છે.

(૬) ફરીયાદપક્ષે વિધ્વાન એડી. પી. પી. શ્રી એ. એમ. પારેખની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેઓ તરફે મુખ્યત્વે રજુઆત થયેલી છે કે, આ કામે આરોપીઓએ અગાઉના મનદુ:ખને હીસાબે તા. ૨૦/૧૨/૧૭ પછીના કોઈપણ સમયે ફરીયાદીનું જુનાગઢ ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ મકાન સળગાવી નાખી મકાન પાડી નાખી ઘરવખરી અને મકાન પડી જવાથી રૂા. ૧૫,૦૦,૦૦૦/–નું નુકશાન કરી ગુનામાં એકબીજાને મદદગારી કરેલાની હકીકત આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપી સામે વાદગ્રસ્ત હકીકતો ફરીયાદપક્ષે સાબીત કરેલ છે અને ફરીયાદીને થયેલી ઈજાને દાકતરી પુરાવાથી પણ સમર્થન મળે છે તેમજ બચાવપક્ષે આ વાદગ્રસ્ત હકીકતોનું ખંડન થયેલ નથી. ફરીયાદપક્ષે આરોપી સામે નિશંકપણે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરેલ હોય, આરોપીને તેઓની વિરૂધ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૭) પ્રતિપક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ડી.એન.અપારનાથી મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેઓ તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ. તેઓએ વધુમાં એવી રજુઆત કરેલ કે, ફરીયાદીનો તથા નજરે જોનારનો પુરાવો તથા ફરીયાદ હકીકત ધ્યાનમાં લેતા ફરીયાદીએ તેના પુરાવામાં ફરીયાદ હકીકત કરતા તદૃન વિરોધાભાસી હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે અને તે રીતે ફરીયાદ હકીકત પુરવાર થતી નથી. બનાવવાળી જગ્યાના પંચ હોસ્ટાઈલ થયેલ હોય, બનાવ બનેલ તે જગ્યાએ આરોપીની હાજરી પુરવાર થતી નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આક્ષેપીત ગુનો પુરવાર કરવા જરૂરી આવશ્યક તત્વો સાબીત થતા નથી. આ કામે ફરીયાદી જે કારણોસર બનાવ બનેલાની વીગત જણાવે છે તે કારણે પક્ષકારો વચ્ચે અદાવત ઉભી થયેલ હોય તે પુરવાર થતી નથી. કહેવાતા બનાવ બાબતે સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. ફરીયાદીને સમાજ કલ્યાણ ખાતા તરફથી વળતર મળતું હોય, ફરીયાદીએ ઉપજાવી કાઢેલી હકીકતો વાળી આપેલ છે તે ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા પરથી જ સાબીત થાય છે. તપાસનીશ અમલદારનો પુરાવો માત્ર તેઓએ કરેલી સરકારી કાર્યવાહીના સમર્થનમાં રજુ થયેલ હોય, અન્ય સાહેદોના પુરાવાથી કેસને સમર્થન મળતુ ન હોય, તેવા પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચ સાહેદોના પુરાવાથી કે તપાસનીશ અમલદારના પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓએ અગાઉના મનદુ:ખને હીસાબે તા. ૨૦/૧૨/૧૭ પછીના કોઈપણ સમયે ફરીયાદીનું જુનાગઢ ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ મકાન સળગાવી નાખી મકાન પાડી નાખી ઘરવખરી અને મકાન પડી જવાથી રૂા. ૧૫,૦૦,૦૦૦/-નું નુકશાન કરી ગુનામાં એકબીજાને મદદગારી કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો

ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ તેવી રજુઆત કરેલ છે.

(૮) બન્નેપક્ષની દલીલ, રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્સ્થત થાય છે .

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી જેનુબેન હબીબભાઈ તથા તેના બાળકોને આરોપી નં.૬ ના ભાઈ રજાકશા અકબરશા ફકીર સાથે અગાઉ ઝઘડો થયેલ અને તેમાં મારા મારીમાં રજાકશાનું ખુન થયેલ તેનું મનદુ:ખ રાખી તેમજ ફરિયાદીના પતિ માસુમશા પીરની દર્ગાના ટ્રસ્ટી હોય તેના મનદુઃખના કારણે તમામ આરોપીઓએ તા.૨૦-૧૨-૨૦૧૭ પછીના કોઈપણ સમયે ફરિયાદીનું જૂનાગઢમાં ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ હાલતના મકાનને સળગાવી નાખી, મકાન પાડી નાખી, ઘરવખરી તથા મકાન પાડી નાખવાથી આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/- નું નુકશાન કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહીતાની કલમ-૪૩૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા તે માટેના કારણો નીચે મુજબ છે.

**(૧)** નકારમાં

**(૨)** ''આખરી હુકમ મુજબ.''

## **-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.-૧ :-**

(૧૦) ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા માટે ૧૦– મૌખિક તથા ૧૯–દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧૧) ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવામાં ફરીયાદપક્ષે સાહેદ અખ્તરખાન ફરીદખાન પઠાણ પોતાની આંક–૧૭ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હબીબભાઈ ગામેતીનું મકાન તેઓએ માલ રાખવા માટે ભાડે રાખેલ હતું. આશરે સાત–આઠ મહીના પહેલા આ હબીબભાઈનું મકાન ભાડે રાખેલું તેમાં આગળના ભાગે આગ લાગેલી ત્યારે તેઓ તેના મકાને કામ કરતા હતા અને ત્યારબાદ જે જગ્યાએ આગ લાગેલી તે જગ્યાએ પોલીસ તથા બીજા માણસો હાજર હતા અને પોલીસવાળાએ ફોન કરતા ફાયર બ્રીગેડ આવેલી અને ત્યારબાદ આગને ઠારેલી તે જગ્યાએ બીજું કોણ કોણ હાજર હતું તેની ખબર નથી આ આગ કોણે લગાડેલી તે જાણતા નથી આગ લાગેલી ત્યારે તેઓ ઘરની અંદર કામ કરતા હતા આ જગ્યાએ ફકીર લોકો તથા ગામેતી લોકો રહે છે. આ સિવાય બીજું કાંઈ જાણતા નથી. પોલીસે પુછપરછ કરેલી પોલીસે બે પંચનામા કરેલા. આગ લગાડનાર માણસો કોર્ટમાં હાજર છે કે કેમ તેની ખબર નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે આ કામમાં ફરીયાદ થયેલ હોય જેથી તેની પાસે આવીને પોલીસે તેનુ નામ ઠામ, સરનામું અને ઉમર પુછેલા.

(૧૨) વધુમાં ફરીયાદપક્ષે સાહેદ ફરીયાદી જેનુબેન હબીબભાઈ સુમરા પોતાની આંક–૯૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીં ૨૦૧૮ના અરસામાં જુનાગઢ ભારત મીલના ઢોરા પાસે, માસુમશા પીરની દરગાહ પાસે તેના પતિ તથા પરીવાર સાથે ઘણા વર્ષોથી માસુમશા પીરની દરગાહ પાસે રહેતા હતા. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, તાઃ ૧૫–૧૨–૧૭ના રોજ અમારા વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા માણસોના ટોળા વિરૂધ્ધ ફરીયાદ લખાવેલ હતી, તેમાં મારા પતિ અને મારા દીકરાને કોઈએ પકડેલા હોય અને તે

જેલમાં ગયેલા હોય અને તે પૈકીના કોઈ દવાખાનામાં સારવામાં હોય અને મરણ ગયેલા હોય, તે બાબતે અમારા લત્તામાં દેકારો થયેલા હાથ અને અમે અમારુ ઘર છોડીને જતા રહેલા હોય, આ બાબતનું મનદખ રાખી અમારા મકાન કોઈએ સળગાવી દીધેલા હોય અને તે બાબતે અમોએ ફરીયાદ આપેલી હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવી ફરીયાદં તેમની સહી ઓળખી બતાવી આંક–૯૬ થી રજુ રાખેલ છે. પોલીસે ફરીયાદ નોંધ્યા બાદ કોઈ વિશેષ નિવેદન નોંધેલુ નહી તેવુ પણ જણાવેલ છે. આમ, આ સાહેદ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એડી.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પોતાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષે પંચ સાહેદ સહેજાદખાન હનીફભાઈ પઠાણ પોતાની આંક–૧૦૪ ની તથા બીજા પંચ સાહેદ પવનભાઈ જીતેન્દભાઈ જેઠવા પોતાની આંક–૧૦૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આંક–૧૦૫ થી રજુ થયેલ છે તેમજ ફરીયાદપક્ષે પંચ સાહેદ ઈસ્માઈલભાઈ વલીભાઈ ગૌરી પોતાની આંક–૧૨૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં તા. ૨૦–૧૨–૧૭ ના રોજના બનાવવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આંક–૧૨૬ થી રજુ થયેલ છે. આમ, આ તમામ પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય વિ. એડી.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન્ કરતા નથી.

(૧૪) ફરીયાદપક્ષે સાહેદ હલીમાબેન હુશેનભાઈ સોઢા પોતાની આંક–૧૨૧ ની તથા બીજા સાહેદ રજાકભાઈ આબેદ હુસેન બુખારી પોતાની આંક–૧૩૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ફરીગયેલા સાહેદ

તરીકે જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

(૧૫) ફરીયાદપક્ષે પોલીસ સાહેદ યોગરાજસિંહ માવુભા જાડેજા પોતાની આંક–૧૩૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૬/૨/૧૮ ના રોજ તેઓ જુનાગઢ એ ડીવી.પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ગુ.ર.નં. ફર્સ્ટ ૧૫/૧૮ ના કામે કરીયાદી જેનુબેન હબીબભાઈ સુમરાની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની લખેલી ફરીયાદ લખાઈ ગયા બાદ તેઓને વાંચી સંભળાવેલી અને વાંચી સંભળાવ્યા બાદ તેઓએ તેઓની સહી કરાવેલી. ત્યારબાદ તેઓએ તેની સહી કરી રૂબરૂપણામાં હોદાનુ બાંધણુ બાંધેલ જે ફરીયાદ આંક ૯૬ થી રજુ છે.આ સાહેદ વધુમાં જણાવે છે કે,ત્યારબાદ ફરીયાદનો સી.આર.પી.સી. કલમ ૧૫૪ ના ફોર્મમા તેઓએ ઉતારો કરેલો જે આંક ૧૩૯ થી તથા સ્ટેશન ડાયરીમા ઉપરોકત ગુનાની નોંધ લખેલી જે સ્ટે.ડા. ના ઉતારાની ખરી નકલ મા ક્રમ નં.૧૪ ઉપર હાલના ગુનાની નોંધ કરેલી છે જે આંક ૧૪૦ થી રજુ કરેલ છે અને આગળની તપાસ પી.એસ.આઈ ડી.જે. કડછાને સોંપેલાનુ જણાવેલ છે.

આ સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરીયાદના ઉતારા સીવાય તેઓએ બીજી કોઇ કામગીરી કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે પોલીસ સાહેદ ત.ક.અ. દેવસિંહભાઇ જોધાભાઇ કડછા પોતાની આંક–૧૪૩ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૦/૧૨/૨૦૧૦ ના રોજ જુનાગઢ એ ડીવી.મા પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે જુનાગઢ એ ડીવી. પો.સ્ટે., ગુ.ર.નં. ૧૫/૧૮ ઈ.પી.કો. કલમ ૪૩૬, ૧૧૪ ના બનાવની તપાસ પી.એસ.ઓ. તરફથી મળેલી સાથે સાધનિક કાગળો મળેલા જે તપાસ મળેલાની યાદી આંક ૧૪૪ થી રજુ કરેલ છે. તપાસ મળી ત્યારે આંક ૯૬ ની ફરીયાદીની ફરીયાદ સાથે

મળેલી ત્યારબાદ  તપાસના કામે આંક ૧૨૬ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ તૈયાર કરેલુ જે પંચનામ બે પંચોના લખાવ્યા મુજબનુ લખેલુ અને લખાઈ ગયા બાદ તેમની સહી અને હોદાનુ બાંધણુ બાંધેલ, ત્યારબાદ  તપાસ દરમ્યાન તા.૨૨/૧૨/૧૭ ના રોજ જે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે આંક ૧૪૫ આપવામા આવે છે. ત્યારબાદ હાલના ગુનાના કામે આંક ૧૦૫ થી બનાવવાળી જગ્યાએ મુદામાલ કબજે કર્યાનું પંચનામુ તૈયાર કરેલું જે પંચનામુ બે પંચોના લખાવ્યા મુજબન લખેલ અને લખાઈ ગયા બાદ તેની સહી અને હોદ્દાનુ બાંધણ બાંધેલ, ત્યારબાદ તેઓએ મુદામાલ કબજે કરેલો તે એફ.એસ.એલ. જૂનાગઢને રવાનગી પત્ર તૈયાર કરીને મોકલેલ સાથે ડી.વાય.એસ.પી. નો અભિપ્રાય મેળવી અને જે પૃથ્થકકરણ કરવા બાબતની યાદી કરેલી જેમાં તેની સહી છે સાથે ડી.વાય.એસ.પી. એમ.એસ.રાણા સાહેબનુ પ્રમાણપત છે જે  આંક ૧૪૬ થી તથા એફ.એસ.એલ. અધિકારી તરફથી પહોંચ મળેલી  તે આંક ૧૪૭ થી રજુ કરેલ છે,  તપાસ દરમ્યાન તેઓએ તા.૨૦/૧૨/૧૭ ના રોજ મહમદખાન ફરીદખાન યુસુફજા  અનવરખા ફરીદખા પઠાણના નિવેદન લીધેલા જે નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખેલા તા.૨૨/૧૨/૧૭ ના રોજ સિરાજભાઈ સઈદભાઈ ટાચા, પ્રાગજીભાઈ રામજીભાઈ પરિયા, રજાકભાઈ અબ્દુલહસેનભાઈ બુખારી, સમીનબેન કાદરભાઈ આલમ, કાદરભાઈ હસનભાઈ આલમના નિવેદન લીધેલા તે તેઓના લખાવ્યા મજબના લખેલા તેમજ તા.૨૮/૧૨/૧૭ ના રોજ ગુલબાગબેન સલીમભાઈ ખીરાનુ નિવેદન લીધેલુ તેમજ તપાસના કામે હલીમાબેન હસૈનભાઈ સોઢા, નસીમાબેન જાવેદખાન પઠાણ, અખતરખાન ફરીદખાન પઠાણના નિવેદનો લીધેલા જે તેઓના લખાવ્યા મુજબના  લખેલા. ત્યારબાદ આરોપીને અટક કરેલા તે  કોર્ટમાં હાજર ઓળખી બતાવેલ છે અને તેઓની  બદલી થતા આગળની તપાસ એસ.જી.કાચાનાઓને સોંપેલાનુ જણાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મુદ્દામાલ એફ.એસ.એલ.માં બનાવના એકાદ મહીના પછી મોકલેલ તેવુ જણાવેલ છે.

(૧૭) ફરીયાદપક્ષે પોલીસ સાહેદ ત.ક.અ. સવજીભાઇ ગોકળભાઇ કાચા પોતાની આંક–૧૫૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૧૫/૫/૧૮ ના રોજ તેઓ જુનાગઢ એ ડીવી. પો.સ્ટે. મા પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે જુનાગઢ એ ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૫/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૪૩૬,૧૧૪ મુજબના ગુનાની તપાસ તેના પુરોગામી પો.સ.ઈ. ડી.જે.કડછા કરતા હતા. તેઓની પાસેથી મળેલી સાથે હાલના ગુનાના સાધનિક કાગળો મળેલા જેમા આંક ૯૬ થી કરીયાદીની ફરીયાદ તથા આંક ૧૦૫ તથા ૧૨૬ થી બનાવવાળી જગ્યાના પંચનામા તથા આંક ૧૩૯ થી એફ.આઈ.આર., આંક ૧૪૦ થી સ્ટે.ડા.નો ઉતારો આંક ૧૪૪ થી જે તપાસની યાદી હતી તે મળેલી. તેમજ આ કામે આંક ૧૪૫ થી તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજ કરવામા આવેલ પંચનામુ તપાસના કામે મળેલું. તેમજ આ કામે એફએસએલને રવાનગી પત્ર મોકલેલ તે આંક ૧૪૬ થી રજ છે તથા એફએસએલની પહોંચ આંક ૧૪૭ થી રજુ છે તે છે.તેઓને મળેલ તપાસના સાધનિક કાગળોમા સ્ટે.ડા.મા પી.એસ.ઓ. ને કરેલ ચાદી મળેલી જે આંક ૧૫૧ થી તથા સ્ટે.ડા. એન્ટી નં. ૧૭/૧૭ ના કામે રોજકામ કરવા અંગે નાયબ ઈજનેર જુનાગઢનાઓને કરેલી યાદી આંક ૧૫૨ થી તથા આરોપી નં.૧,૨, ૩ ને જે અટક કરેલા તેનુ અટક પંચનામ બે પંચોના રૂબરૂ તૈયાર તેના પુરોગામી અધિકારીએ કરેલ જેમા પંચોની તથા તેઓના પુરોગામી અધિકારીની સહીઓ છે જે તપાસના કામે સામેલ રાખેલ છે જે આંક ૧૫૩ થી રજુ કરેલ છે, આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન મકાનનો વેચાણ કરાર, પાણી વસુલાતની પહોંચો તથા પાણી વેરાનુ કાર્ડ તપાસના કામે સામેલ રાખેલ જે અનુક્રમે આંક ૧૫૪,૧૫૫,૧૫૬,૧૫૭ થી તથા ઈન્વેસ્ટીગેશન વાન રીપોર્ટ આંક ૧૫૮ થી એફએસએલનો ફોરવડીંગ આંક ૧૫૯ એફએસએલનો રીપોર્ટ આંક ૧૬૦ થી રજુ કરેલ છે, તપાસ દરમ્યાન તા.૨૫/૪/૧૮ ના

રોજ ફરીયાદીન વિશેષ નિવેદન લીધેલું જે તેઓના લખાવ્યા મુજબનુ નોંધેલુ તેમજ આ કામે મારા પુરોગામી અધિકારી શ્રી ડી.જે.કડછાએ જે સાહેદોના નિવેદનો લીધેલા તે તેઓના લખાવ્યા મુજબના લખેલા અને તે તપાસમા સામેલ રાખેલા અને મુદામાલ જે કબજે કરવામાં આવેલ તે કોર્ટમા સોંપેલા તે જ છે અને તપાસ દરમ્યાન જે કામગીરી કરેલ અને મળેલ સાધનિક કાગળો, પંચનામાઓનો અભ્યાસ કરી આરોપી સામે પરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલુ અને આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ચાર્જશીટ કરતા પહેલા ફરીયાદથી લઈને ચાર્જશીટ કર્યુ ત્યા સુધીના તમામ સાધનિક કાગળોનો અભ્યાસ કરેલો, તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજની ફરીયાદ તા. ૬/૨/૨૦૧૮ ના રોજ આપવામા આવેલી, ફરીયાદીની ફરીયાદ મુજબ ફરીયાદમા તેઓને રૂ.૩ લાખનુ નુકશાન થયેલુ છે તેવુ જણાવેલ છે, તેઓએ ચાર્જશીટમા ચાર્જની કલમમા ફરીયાદીને રૂ. ૧૫ લાખનું નુકશાન થયેલ છે તેવુ દર્શાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વિશેષ નિવેદનમા ફરીયાદીએ રૂ. ૧૫ લાખની નુકશાની જણાવેલ છે. વધુમાં સ્વીકારે છે કે, તે નુકશાનીનો કોઈ પુરાવો તેમની પાસે રજુ થયેલ નથી. વધુમાં જણાવે છે કે, ચાર્જશીટના ચાર્જની કોલમ બાબતે તેઓએ રજાક સામે જે ખુન થયેલ છે તે બાબતના કોઈ દસ્તાવેજી આધારો મેળવેલ નથી. વધુમાં સ્વીકારે છે કે, માસુમ ટ્રસ્ટના કોઈ સરકારી દસ્તાવેજો મેળવેલ નથી, બનાવ સમયે ફરીયાદીએ તેની ફરીયાદ મુજબ કોઈપણ આરોપીની હાજરી હોય તેવો કોઈ પુરાવો મેળવેલ નથી.

(૧૮) આમ, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ ફરીયાદીના મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપીઓ સામે આક્ષેપીત ગુનાની જોગવાઈઓ મુજબના તત્વો પુરવાર કરવા પડે. એટલે કે ૪૩૬, ૧૧૪ મુજબ ફરીયાદપક્ષે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ–૪૨૫ મુજબ બગાડ ની વ્યાખ્યા સાથે કલમ ૪૩૬

માટેના આવશ્યક તત્વો જોઈએ તો આરોપીઓએ ફરીયાદીને ગેરકાયદેસર નુકશાન અથવા હાનિ કરવાના ઈરાદાથી અથવા પોતે તેમ કરશે એવો સંભવ હોવાનું જાણવા છતા મીલકતનો નાશ કરે અથવા તે મીલકતની સ્થિતીમાં ફેરફાર કરે કે જેથી તે મીલકતની કીંમત કે ઉપયોગીતામાં ઘટાડો થાય કે તે નાશ પામે અથવા તેને તેનાથી નુકશાન થાય તો બગાડ કરે છે તેમ કહેવાય અને જો માણસોના રહેઠાણ તરીકે ઉપયોગમાં લેવાતી મકાનનો નાશ થવાનો સંભવ છે એમ જાણી આગ અથવા સ્ફોટક પદાર્થથી બગાડ કરેલ છે તે પુરવાર કરવાનું છે. તે જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ મુજબ પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીના પરીણામે થયેલા કોઈ કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો ગણાય.

(૧૯) ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં આરોપીને જયાં સુધી દોષીત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે. ફરીયાદપક્ષે આ ધારણાને રદીયો આપવા માટે જરૂરી ઉંચો પુરાવો રજુ કરવો જોઈએ તેવો મુળભુત સિધ્ધાંત છે. આરોપીનો દોષ સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર છે અને જયાં સુધી તે બોજમાંથી ફરીયાદપક્ષ મુકત ન થાય ત્યાં સુધી અદાલતે આરોપીને દોષીત માની શકતી નથી. જેથી આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતના Kali Ram Vs. State of H.P. (1973) 2 SCC 808) ના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ અદાલતે આરોપીની નિર્દોષતાની ધારણ અને ગુનામાં દોષિત ઠેરવવા માટે જરૂરી ઉંચા પુરાવો રજુ થવો જોઈએ તે મુળભુત સિધ્ધાંતને ધ્યાને લેવો તે હકીકત પણ ધ્યાને લેવી હું જરૂરી માનું છું.

(૨૦) એ હકીકત નોંધવી જરૂરી છે કે, પુરાવાનું મુલ્યાંકન એ માનવીય બાબતોનો અનુભવ અને જ્ઞાનની બાબત છે. અદાલતે પુરાવાનું મુલ્યાંકન(વજન) અને અનુમાન તરફ

દોરવા માટે હાથ પર લેવાનું નાજુક કાર્ય છે. દરેક કેસની પોતાની વીશીષ્ટતાઓ હોય છે. પુરાવા અધીનીયમ કલમ ૩ મુજબ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે કેસની હકીકત, પ્રસ્તુત હકીકત અથવા મુદ્દાની હકીકતની તુલના કરતી વખતે કેસના વીશીષ્ટ તથ્યો તરફ અદાલતે વીચારણા કરવાની રહે છે અને રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા આધારે અદાલત વાદગ્રસ્ત હકીકતનું અસ્તિત્વ છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એવું સંભવિત હોવાનું ગણે, કે સમજદાર વ્યકિત અમુક સંજોગોમાં તે હકીકત અસ્તિત્વમાં છે એવું ધારીને વર્તે તે હકીકત સાબીત થયેલી કહેવાય.

(૨૧) આ કામે એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે, ફરીયાદી કે નજરે જોનાર સાહેદોનો એટલે કે દ્રશ્ય પુરાવાનો આ કામે અભાવ જણાય આવે છે. આમ, આરોપીઓએ તા.૨૦–૧૨–૨૦૧૭ પછીના કોઈપણ સમયે ફરિયાદીનું જૂનાગઢમાં ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ હાલતના મકાનને સળગાવી નાખી, મકાન પાડી નાખી, ઘરવખરી તથા મકાન પાડી નાખવાથી આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/– નું નુકશાન કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલાની હકીકતને સમર્થન સીધા પુરાવાથી મળતું નથી. આ કામે ફરીયાદપક્ષે સાં યોગીક પુરાવા આધારે તેમનો કેસ સાબીત થયેલાની દલીલ કરે છે પરંતુ સીધા પુરાવાના અભાવે સાંયોગીક કે સમર્થનકર્તા પુરાવાનું મુલ્ય ઘટી જતું હોય ફરીયાદપક્ષના પુરાવાઓનો અદાલતે સાવચેતીભર્યો અભીગમ રાખી ચકાસતા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તે માટે પુરાવો પુરતો જણાતો નથી. આમ, આરોપીઓએ જ ગુનો કરેલ હોય તે બતાવતા શ્રેષ્ઠ પુરાવો રજુ થતો નથી અને શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનો નીયમ એ આપણા ફોજદારી ન્યાયીક કાર્યવાહીનો મહત્વપુર્ણ નીયમ છે. આ નીયમ ફોજદારી કાર્યરીતીમાં મહત્વનો ભાગ ભજવે છે અને ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીએ પણ જયાં સુધી આરોપીઓ શંકાથી પર રહીત ગુનેગાર સાબીત ન થાય ત્યા સુધી તે નીર્દોષ છે તેમ માનવાનું સ્વીકારેલ છે. જેથી ફરીયાદપક્ષ પર શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનું ભારણ મુકાયેલ છે. શ્રેષ્ઠ પુરાવાનો નીયમ એવું પણ

જણાવે છે કે ફરીયાદપક્ષ પાસે જયાં સુધી સર્વોત્તમ અને ઉચ્ચ પુરાવો હોય અથવા રજુ થઈ શકતો હોય ત્યા સુધી નીમ્ન પુરાવો કેસની હકીકત  સંબંધે આપવો જોઈએ નહી.

વીશેષમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પણ Mohan Lal Shamlal Soni vs Union Of India And Another decided on 22 February, 1991 (1991 AIR 1346) માં ઠરાવેલ છે કે, It is a cardinal rule in the law of evidence that the best available evidence should be brought before the Court to prove a fact or the points in issue.

વધુમાં ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૩ મુજબ મૌખીક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ગણાય. એટલે કે તકરારી હકીકતોનું અસ્તિત્વ પુરવાર કરવા કે અસ્તિત્વ ન હતી, એવું પુરવાર કરવા માટે મૌખિક કે લેખિત સ્વરૂપે અપાતું વકતવ્ય એ પુરાવો છે અને તેમાં સીધા પુરાવા (DIRECT evidence) (જેમાં મુળભુત (SUBSTANTIVE EVIDENCE) અને સમર્થનાત્મક (CORROBORATIVE EVIDENCE) પુરાવાનો સમાવેશ થાય છે. તે જ રીતે દસ્તાવેજી પુરાવા (DOCUMENTARY EVIDENCE) (જેમાં મુળભુત (SUBSTANTIVE EVIDENCE) અને સમર્થનાત્મક (CORROBORATIVETIVE EVIDENCE) પુરાવાનો સમાવેશ થાય છે. મુળભુત પુરાવાને આધારે હકીકત પુરવાર થતી હોય છે અને તે પુરવાર કરવા સમર્થનાત્મક પુરાવાની જરૂરત રહેતી નથી. જયારે સમર્થનાત્મક પુરાવો સીધા પુરાવાની હકીકતને પુરવાર કરવા માટે ઉપયોગમાં લેવાતો હોય છે.

(૨૨) આમ, આરોપીઓએ તા.૨૦–૧૨–૨૦૧૭ પછીના કોઈપણ સમયે ફરિયાદીનું જૂનાગઢમાં ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ હાલતના મકાનને સળગાવી નાખી, મકાન પાડી નાખી, ઘરવખરી તથા મકાન પાડી નાખવાથી આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/– નું નુકશાન કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનું પુરવાર થતું નથી.

(૨૩) આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર આરોપી સામે ફરીયાદપક્ષ શ્રેષ્ઠ પુરાવો રજુ કરી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો રજુ કરી શકેલ ન હોય જેથી ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર આ કામે તપાસવામાં આવેલા સાહેદોની જુબાનીઓ જોતાં, આરોપીઓએ તા.૨૦-૧૨-૨૦૧૭ પછીના કોઈપણ સમયે ફરિયાદીનું જૂનાગઢમાં ભારત મીલના ઢોરા પાસે આવેલ બંધ હાલતના મકાનને સળગાવી નાખી, મકાન પાડી નાખી, ઘરવખરી તથા મકાન પાડી નાખવાથી આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/- નું નુકશાન કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતા (ટુંકમાં આઈ. પી. સી.) ની કલમ ૪૩૬, ૧૧૪ મુજબના કામે ત્હોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવાનું ન્યાયના વિશાળ હીતમાં ન્યાયોચીત જણાય છે. જેથી ન્યાયના હીતમાં **મુદ્દા નં.-૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતા (ટુંકમાં આઈ. પી. સી.) ની કલમ ૪૩૬, ૧૧૪ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીઓએ સી. આર. પી. સી. કલમ-૪૩૭(એ) ના સુધારા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સંબંધે હુકમની તારીખ થી દિન ત્રણ(૩) માં રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ: ૩૦મી, માહે-મે, સને-૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જૂનાગઢ. **(હિતેશકુમાર ગિરીશભાઈ દામોદરા)**

તા. ૩૦-૦૫-૨૦૨૬. ૫ માં એડીશ્નલ સેશન્સ જજ,

જૂનાગઢ

(કોડ નં. GJ01005)